મંત્રીજીને અન્નાજી માટે કોઈ વાતનું દુખ નથી, પણ એવું થાય છે કે અનશન કરવાથી હવે પહેલાંની જેમ થતાં કામ બંધ થઈ જશે ?

કસ્તૂરબા પી.ટી.સી. કોલેજનું દ્વિતીય વર્ષનું ૯૨.૬૮ ટકા પરિણામ

કૉલેજનાં વિદ્યાર્થીની વિરલબેન પટેલ ૮૮.૧ ટકા સાથે ગુજરાતમાં ટોપટેનમાં આઠમા ક્રમે અને કોલેજમાં પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી પી.ટી.સી. બીજા વર્ષનું વર્ષ-૨૦૧૨નું કસ્તૂરબા સ્ત્રી અધ્યાપન મંદિર, કોબાનું પરિણામ ૯૨.૬૮ ટકા આવ્યું છે.

કસ્તૂરબા સ્ત્રી અધ્યાપન મંદિરની વિરલબેન પટેલ ૮૮.૧ ટકા સાથે ગુજરાતમાં ટોપટેનમાં આઠમા ક્રમે અને કોલેજમાં પ્રથમ ક્રમે તથા સુરેખાબેન રબારી ૮૮લ ટકા સાથે ગુજરાતમાં નવમા ક્રમે અને કોલેજમાં બીજા ક્રમે આવ્યા છે. મહીમાકુમારી જાદવ ૮૫ ટકા સાથે કોલેજમાં ત્રીજા ક્રમે, અસ્મિતાબેન સેલોત ૮૪.૬ ટકા સાથે ચોથા ક્રમે અને અંજુબેન પટેલ ૮૪ ટકા સાથે પાંચમા ક્રમે આવ્યા છે.

સંસ્થાના કુલ ૮૫ તાલીમાર્થીઓમાંથી ૬૫ ડિસ્ટીક્શન સાથે ઉત્તીર્ણ થયા છે. કોલેજના આચાર્યા ડૉ. ગાયત્રીબેને સફળ પ્રશિક્ષણાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા છે.

સેક્ટર-૨૪ની સરકારી પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલતભાઈ ભટ્ટ તથા સાહિત્યકાર, સમાજસેવક ભરતભાઈ કવિ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં તાલુકા કક્ષાની ખો-ખો રમત અને કબડ્ડી રમત સ્પર્ધામાં સુંદર દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના અંડર-૧૯ના ખો-ખો રમતના ખેલાડીઓએ તાજેતરમાં તાલુકા કક્ષાની ખો-ખો રમતમાં ભાગ લીધો હતો.

જેમાં ખો-ખોના વિદ્યાર્થીઓએ સુંદર દેખાવ કરી તાલુકામાં પ્રથમ ક્રમ સાથે વિજય મેળવ્યો હતો તથા કબડ્ડી રમત સ્પર્ધામાં પણ અંડર-૧૯ વિભાગમાં યોજાયેલી તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં આર.સી. પટેલ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ નંબર મેળવ્યો હતો. શાળાના ખો-ખો રમત સ્પર્ધાના અને કબડ્ડી રમત સ્પર્ધાના ખેલાડીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા અને એથ્લેટિકસમાં સારો દેખાવ કરવા બદલ અને જિલ્લામાં સારું પ્રદર્શન કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

જૈન સોશ્યલ ગ્રૂપ આયોજિત

ટેબલ ટેનિસ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડી કમલેશ શાહ રાજ્યમાં પ્રથમ

૬૨ ખેલાડીઓ વચ્ચે પ્રથમ વિજેતાપદ હાંસલ કર્યું

ગાંધીનગર, તા. ૫

જૈન સોશ્યલ ગ્રૂપ ગુજરાત રિજન દ્વારા આજે અંકલેશ્વર ખાતે આયોજિત રાજ્ય ટેબલ ટેનિસ સ્પર્ધાની મેન્સ સિંગલ્સમાં ગાંધીનગરના ખેલાડી કમલેશ શાહે રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં મેન અને વિમેન કેટેગરીમાં અન્ડર-૧૮ અને એબોવ-૧૮ એવા વિભાગ પાડવામાં આવ્યા હતા, જેપૈકી એબોવ-૧૮ મેન્સ સિંગલ્સમાં કુલ ૬૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સઘળા સ્પર્ધકોસાથે સ્પર્ધા કરીને કમલેશ શાહે સ્પર્ધામાં પ્રથમ વિજેતા પદ હાંસલ કર્યું હતું. નગરના રમતપ્રેમીઓએ કમલેશ શાહને આ વિજય બદલ અભિનંદન પાઠવ્યા છે.

એમ.બી. પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ તહેવારના થીમ કાર્ડ બનાવ્યા

ગાંધીનગર, તા. ૫

ઓગસ્ટ માસ વિવિધ ઉત્સવોને લઈને આવે છે. ઉત્સવોથી સમાજ જીવન હર્યુંભર્યું બને છે. શાળા-કોલેજોમાં પણ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉત્સવોને વધાવવામાં આવે છે. વિવિધ ઉત્સવોની થીમને આધારીત કાર્ડ મેકીંગ અને ચાર્ટસ મેકિંગ સ્પર્ધા તેમજ અંગ્રેજી કાવ્યોનું લયબદ્ધ પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ તેમજ જર્મનથી આવેલી બે વિદ્યાર્થીઓ સારા અને મનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્સવોના મહિનાને વધાવી લીધો હતો.

સેં-૨૧ લાયબ્રેરી ખાતે સ્વામિ વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સ્વામિ વિવેકાનંદના જીવન ચરિત્ર અંગે શ્રી રામકૃષ્ણ મિશન, ગાંધીનગરના પ્રમુખ રજનીકાન્ત ભટ્ટનું વક્તવ્ય યોજાયું હતું. (તસવીર : દિપક જાની)

પીટીસી બીજા વર્ષનું ૮૧.૨ ટકા પરિણામ અડાલજનાં લક્ષ્મીબેન રાવળ રાજ્યમાં દ્વિતિય

ગાંધીનગર, તા.૫

મે-૨૦૧૨માં પીટીસી દ્વિતીય વર્ષની લેવાયેલ પરીક્ષાનું પરિણામ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર થયેલ છે. ૧૬૫૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. તેમાંથી ૧૩૧૧૧ પાસ અને ૩૩૯૮ નાપાસ થતાં પરિણામ ૮૧.૨ ટકા આવ્યું છે. રાજ્યમાં શ્રીમતી માણેક બા સ્ત્રી અધ્યાપન મંદિરની રાવળ લક્ષ્મીબેન ભીખાભાઈ ૮૯ ટકા સાથે રાજ્યમાં દ્વિતીય સ્થાન અને ગુજરાતી માધ્યમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજનું ગૌરવ વધાર્યું છે. ૯૦ તાલીમાર્થીઓમાંથી ૪૬ તાલીમાર્થીઓએ ૮૦ થી ૮૯ ટકા અને ૪૪ તાલીમાર્થીઓ ૭૧ થી ૭૯૮ ટકા વચ્ચે વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરીને માણેકબા અધ્યાપન મંદિરના પરિણામને ચારચાંદ લગાવ્યા છે. કુલ ૧૯ ટોપટેનમાંથી ગ્રાન્ટેડ કોલેજના ૧૦, સ્વનિર્ભર કોલેજના ૪, સરકારી અધ્યાપન મંદિરના ૩ અને ડાયટના ૨ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આચાર્યા સુરેખાબેન ચૌધરીએ તથા અધ્યાપક સંઘના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પરમારે અભિનંદન પાઠવેલ છે.

ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરે સત્યનારાયણ કથા યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૩૦માં આવેલા ઝૂલેલાલ-સાંઈબાબા મંદિર પરિસરમાં આગામી તા. ૧૬મી ઓગષ્ટ ૨૦૧૨ને ગુરુવારે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન સત્યનારાયણ ભગવાનની કથા યોજાશે.

મહેશભાઈ રાવલની વ્યાસપીઠે યોજાનાર સત્યનારાયણની કથામાં પૂજા વિધિ માટે બેસવા ઈચ્છતા ભાવિક ભક્તોએ મંદિર પરિસર ખાતે પોતાનું નામ નોંધાવી લેવા તેમજ કથા આરતી અને મહાપ્રસાદનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને સિંધી પંચાયત ગાંધીનગરના પ્રમુખ લાલચંદ ગોપલાણીએ ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

દશ ગામ લેઉવા પાટીદાર સમાજ તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા.૫

દશ ગામ લેઉઆ પાટીદાર સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ તા.૧૨ મી ઓગસ્ટના રવિવારના રોજ વિઠ્ઠભાઈ દેસાઈભાઈ પટેલ છાત્રાલય, સેકટર-૧૫, આઈ.ટી.આઈ.ની પાછળ યોજાશે. સમાજના વિદ્યાર્થી તથા જ્ઞાતિબંધુઓ હાજર રહેવા જણાવવામાં આવેલ છે.

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય કુસ્તી સ્પર્ધામાં રાજ્યકક્ષાએ

ગાંધીનગર, તા.૫

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર ખાતે જિલ્લાકક્ષાની કુસ્તી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ વિજેતા નંબરે ચૌધરી રીકલ, ચૌધરી લલિતા, ઉપેક્ષા, સુમન, કેતુ, પરિતા , દ્વિતીય ક્રમે સેજલ, વિમળા, તૃતીય ક્રમે અસ્મિતા, આસ્કા રાજ્યકક્ષાએ ભાગ લેનાર છે. આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવેલ છે.

પાટણની ટી.એસ.આર. કોમર્સ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

પાટણ, તા. ૫

પાટણની ટી.એસ.આર. કોમર્સ કોલેજમાં તાજેતરમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં મીનાબેન ભટ્ટે વિદ્યાર્થીઓને હોટલ મેનેજમેન્ટ, એમ.બી.એ., તેમજ પ્રોફેશનલ કારકિર્દી અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આપ્યું હતું. લિબર્ટી કેરિયરના જગદીશભાઈએ આઈ.એ.એસ., જી.પી.એસ.સી. તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માહિતી આપી હતી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. જે.એચ. પંચોલીએ વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટે સજ્જ થવા અપીલ કરી હતી.

સમગ્ર કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં તજ્ઞ તરીકે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પૂર્વ અધિક સચિવ મીનાબેન ભટ્ટ તેમજ લિબર્ટી પબ્લિકકેશનના સંચાલક જગદીશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉદીશ ક્લબના ઉપક્રમે આયોજીત આ સેમિનારના કો-ઓર્ડિનેટર કે.એમ. રાવલે આ પ્રસંગે મહેમાનોનું સ્વાગત પ્રવચન કર્યુ હતુ. તથા સંચાલન પી.જે. સુથારે અને આભારવિધિ પ્રો. એમ.કે. પટેલે કરી હતી.

અંબા સ્કૂલ ફોર એક્સલન્સમાં વિદેશી વિદ્યાર્થીઓ સાથે રક્ષાબંધન પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામ પાસે, ત્રિમંદિર પરિસરની બાજુમાં આવેલી અંબા સ્કૂલ ફોર એક્સલન્સમાં તાજેતરમાં વિદેશી વિદ્યાર્થીઓ સાથે રક્ષાબંધનના પવિત્ર પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. અમેરિકા-યુ.કે. થી આવેલા અંદાજે ૫૦ જેટલા વિદ્યાર્થી યુવાન ભાઈઓ-બહેનોએ અંબા સ્કૂલ ફોર એક્સલન્સના વિદ્યાર્થીઓ સાથે રક્ષાબંધનના પવિત્ર તહેવારની ખૂબ જ ભાવાત્મક વાતાવરણમાં ઉજવણી કરી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ બલિરાજાનું નાટક સુંદર રીતે ભજવ્યુ હતું. તથા પરદેશી વિદ્યાર્થીઓને રક્ષાબંધન નિમિત્તે રક્ષાબંધન પર્વનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ અંગ્રેજી ભાષામાં સમજાવ્યું હતુ. વિદેશથી આવેલા વિદ્યાર્થી યુવાનોએ શાળાના વિદ્યાર્થીઓ સાથે રક્ષાબંધન પર્વ ઉજવ્યું હતું.

હ્યુમન ફાઉન્ડેશને વૃક્ષારોપણ કરી ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો : ગાંધીનગરના હ્યુમન ફાઉન્ડેશન દ્વારા સતત ત્રીજા વર્ષે ફ્રેન્ડશીપ ડે ને વૃક્ષારોપણ કરી ઉજવામાં આવ્યો હતો. કોલેજમાં અભ્યાસ કરતા યુવાનો અને નોકરી ધંધો કરતા યુવાનો સાથે ફ્રેન્ડશીપ ડેના દિવસે હ્યુમન ફાઉન્ડેશને વૃક્ષારોપણ કર્યું હતું. 'વૃક્ષો આપણા શ્રેષ્ઠ મિત્રો છે' આ વાકયને યુવાનોએ આ દિવસે ચરિતાર્થ કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળકો તેમજ યુવાનો હાજર રહ્યા હતા. ગાંધીનગરના ડી.એફ.ઓ.ની હાજરી આ પ્રસંગે સૂચક બની રહી હતી.

શિવજી નૃત્ય વિદ્યા, ગીત વિદ્યા પાદ્ય વિદ્યાના સ્વામી છે

પૂજ્ય ગુરુમાએ શિવ મહિમ્ન સ્તોત્રમ્‌નો સત્સંગ કરાવતાં કહ્યું કે, ભગવાન શિવજી જગતની રક્ષા માટે જ નૃત્ય કરે છે. ભગવાન તાંડવ નૃત્ય થકી વિદ્યા પ્રદાન કરે છે. શિવજી નૃત્ય વિદ્યા, ગીત વિદ્યા, પાદ્ય વિદ્યાના સ્વામી છે. જગતની બધી જ સર્વે વિદ્યાના સ્વામી છે. પાંચ રાગો પણ ભગવાન શંભુમાંથી ઉદ્‌ભવ થયો છે, અને છઠ્ઠો રાગ ગૌરીજીના મુખેથી પ્રાપ્ત થયો છે.

એક વખત રાગ-રાગીણી કપાયેલા અંગો સાથે નારદજી જતા હતાં. તેમની સામે મળ્યા નારદજીએ પૂછ્યું, તમારા અંગો કેમ છેદાઈ ગયા છે? તો રાગ-રાગીણીએ કહ્યું કે, નારદજીના કારણે આમ થયું છે તે આખો દિવસ નારાયણ નારાયણ કરે છે. નારદજીએ આ વાત શિવજીને કરી તો શિવજીએ નૃત્ય, રાગ, ગીત-સંગીત કરી બધું પરત આપ્યું. સંસ્કૃત વ્યાકરણના ૧૪ સૂત્રો પણ શિવજીમાંથી ઉત્પન્ન થયેલ છે. આ સૂત્રોની ઉત્પત્તિ ભગવાનના ડમરૂમાંથી થઈ અને ડમરૂનો જુદો જુદો અવાજ પાણીનેય મુનિએ સાંભળી તેમાંથી આ સૂત્રોની અને વ્યાકરણની રચના કરી.

ભગવાન આપ આવું પ્રલયકારી નૃત્ય શા માટે કરે છે? તેના જવાબમાં પુષ્પદંતજી કહે છે કે, ભગવાન આ બધું ભક્ત પાસે લાડ લડાવા માટે કરે છે. એવું કહેવાય છે. ભગવાન તેમની વક્તાના ગુણગાન પણ સાંભળવા ઈચ્છે છે. એવું પણ કહેવાય છે કે, પ્રભુ પોતાના ભકત પાસે ખુલ્લા થઈ જવા માગે છે. સર્વ રૂપે એક પરમાત્મા જ છે અને જેવા છે તેવા રૂપને પ્રગટ કરે છે. શ્રીકૃષ્ણએ અર્જુનને વિશ્વરૂપના દર્શન કરાવ્યા શરૂમાં બધું સારૂં લાગ્યુ પછીથી અર્જુન પણ ડરી ગયા તેવું સ્વરૂપ બતાવ્યું.

ભગવાન કહે છે, હું જ્યારે સંહાર કરતો રોઉ ત્યારે પણ ભકત મને પ્રેમ કરતો હોય તો તેવા ભક્તનું હું કલ્યાણ કરૂં છું. પ્રભુ સૌમ્ય પણ છે અને રૂદ્ર રૂપ પણ છે. આમ સમજે તો ભકતને કોઈ ડર લાગતો નથી. પ્રભુ કૃપા કરે કે સંહાર કરે ભકત શાંત જ હોય છે કારણ કે, સર્વ સ્વરૂપે અને સર્વ રૂપે પ્રભુ જ રહેલો છે. ભગવાનથી ડરવું નહીં. માત્ર ઝુકવુ શરણાગત થઈએ તો ભગવાનની થપાટ લાગે નહિ.

અર્જુન મહાભારત યુદ્ધમાં કર્ણની સામે યુદ્ધમાં હતા ત્યારે કર્ણએ અગ્નિબાણ છોડતાં હતાં. તેમનું એક બાણ લાગે તો બધું ભસ્મિભૂત થઈ જાય આથી જયારે કર્ણ બાણ છોડે ત્યારે શ્રીકૃષ્ણ પોતાનો અંગૂઠો દબાવી રથને નીચે કરી દેતા નૃસિંહ ભગવાનનું વિકરાળ રૂપ જોઈ દેવી-દેવતાઓ પણ ડરી ગયા. હિરણ્યકશ્યપનો વધ કર્યા પછી તેમને શાંત કરવા લક્ષ્મીજીની જવાની હિંમત ન થઈ. છેવટે ભકત પ્રહલાદજીને મોકલ્યા. પ્રહલાદને કોઈ ડર ન હતો. ભગવાન પાસે જઈ નમસ્કાર કર્યા તો પ્રભુ શાંત થઈ ગયા. પ્રહલાદને ખોળામાં બેસાડ્યા.

જે પણ કરવું પ્રેમથી કરવું. ડરથી ભગવાનની ભક્તિ ન થાય. વિપત્તિ આવે તો ભગવાન પાસે શક્તિ માગો.

જગતમાં એક પ્રકારે તાંડવ નૃત્ય નિયમિત રોજ ચાલે છે. સર્જન અને નાશ. જન્મ અને મૃત્યુ. આધિ, વ્યાધ-ઉપાધિ. અતિવૃષ્ટિ, આકાલ, બધું જ પ્રભુનું તાંડવ નૃત્ય છે જે થઈ રહ્યું છે તે તેમના સંકલ્પ માત્રથી જ થઈ રહ્યું છે. આકસ્મિક સંજોગોમાં પીડિત લોકોને સહાયભૂત થાઓ. પરંતુ પ્રભુએ આવું કેમ કર્યું તેવું કહી શકાય નહી. કથા જીવના કેવા કર્મફળ પાકે છે તેને કેવી રીતે ભોગવવાના છે તે ઈશ્વર જાણે છે તેનો સ્વીકાર કરવો રહ્યો. ભગવાનને દોષ ક્યારેય આપવો નહિ. માતા બાળક સાથે રમત કરતી હોય અને ડરામણો અવાજ કરે તો બાળક ડરી જાય છે, પરંતુ તેને ખબર પડે કે આ તો માતાનો અવાજ છે તો પણ ડર લાગતો નથી.

શ્લોક- ૧૭ : પુષ્પદંતજી કહે છે તે, પ્રભુ આપે ગંગાજીના મહાન પ્રવાહને આપની જટામાં ઝીલ્યો. આ વાતથી અને અનુમાન કરી શકીએ છીએ કે, આપનો દેહ કેટલો મહાન છએ.

વિયદ વ્યાપી - આખું આકાશ ગંગાજીના પ્રવાહથી વ્યાપ હેતુ તેવા પ્રવાહને પોતાની જટામાં સમાવી લીધું.

સગર રાજા સ્વર્ગ પ્રાપ્તિ માટે ૧૦૦ યજ્ઞ કરે છે. જો ૧૦૦ અશ્વમેધ યજ્ઞ કરીએ તો ઈન્દ્રનું પદ પ્રાપ્ત થાય એમ માની સગર રાજાએ ૯૯(નવ્વાણું)યજ્ઞ પુરા કર્યા બાદ ૧૦૦મો અશ્વમેધ યજ્ઞ કરતાં જયારે અશ્વને છોડવામાં આવ્યો તો ઈન્દ્રને ડર લાગ્યો તેમણે અશ્વને કપિલ મુનિના આશ્રમમાં બાંધી દીધો. અશ્વ ન મળતાં સગર રાજાએ પોતાના ૫૦૦૦ પુત્રોને અશ્વની શોધમાં મોકલ્યા. અશ્વ ન મળતાં પૃથ્વીને ખોદવાનું કામ કરે છે. ત્યારે કપિલ મુનિના આશ્રમમાં અશ્વ દેખાય છે. કપિલ મુનિ ધ્યાનમાં હતા ત્યારે પુત્રો ગમે તેમ બોલે છે આથી કપિલ મુનિ બધા પુત્રોને બાળી ભસ્મ કરી દે છે.

સગરના પુત્ર અસમંજસના પુત્ર અસુમાન દાદાનું કર્મ અધુરું રહ્યું હોવાથી પિતૃઓની ભાળ મેળવવા માટે કપિલ મુનિ પાસે જાય છે ત્યારે મુનિ કહે છે કે આ અશ્વ લઈ જા. અસુમાન વિનંતી કરે છે કે, આપ કૃપા કરીને બતાવો કે મારા પિતૃઓએ આપનો અપરાધ કર્યો છે તેમાંથી મુક્તિ કેવી રીતે મળે? ત્યારે કપિલ મુનિ કહે છે કે, ગંગાજીને પૃથ્વી ઉપર લઈ આવો તો છૂટકારો થશે.

અંસુમાનનું જીવન પૂર્ણ થયું છતાં તપ કાર્ય સિધ્ધ ન થતાં તેમના પુત્ર અને પછી તેના પણ પુત્ર ભગિરથજીએ આ કાર્ય પૂરું કરવા તપ આદર્યું અને ગંગાજી પ્રગટ થયા. ત્યારે ગંગાજીને પૃથ્વી ઉપર પધારવા માટે કહે છે ગંગાજી બે પ્રશ્નો છે. (૧) મારા પ્રવાહને ઝીલનાર કોણ છે, કારણ કે તેનો વેગ એટલો પ્રબળ હશે કે તે કોઈ ઝીલે નહિ તો હું પાતાળમાં પહોંચી જઈશ. (૨) જ્યારે પૃથ્વી ઉપર અવતરીત થઈશ ત્યારે લોકો તેમના પાપ મારામાં (સ્નાન) થકી ઠાલવતા રહેશે. તેની નિવૃત્તિ કેવી રીતે થશે. તેના ઉપાય તરીકે સાધું સંતો આપના પ્રવાહમાં સ્નાન કરશે તો સંતો સાક્ષાત શિવ સ્વરૂપ જ હોવાથી બધા જ પાપ ધોવાઈ જશે.

● અનુસંધાન છઠ્ઠા પાને

ચાલુ વર્તમાનકાળનો ઉપયોગ ક્યારે કરાય ?

આજે આપણે ચાલુ વર્તમાનકાળનાં નાનાં વાક્યો બનાવતાં શીખીએ

॥ ત્રીજો મણકો ॥

ચાલુ વર્તમાન કાળ **Present Continuous Tense**

1. I am writing — **We are writing**
(હું લખી રહી છું) — (અમે લખી રહ્યા છીએ)
2. You are writing — **You are writing**
(તું લખી રહી છે) — (તમે લખી રહ્યા છો)
3. He is writing — **They are writing**
(તે લખી રહ્યો છે) — (તેઓ લખી રહ્યા છે)
She is writing
(તેણી લખી રહી છે)
It is writing
(તે લખી રહ્યો છે)

● **યાદ રાખો :**

આમ આ રીતે જુદા જુદાં ક્રિયાપદોની મદદથી ચાલુ વર્તમાન કાળના હકાર સ્વરૂપો બનાવાય.

મિત્રો, આજે આપણે સાદા (નાનાં) વાક્યો બનાવતા શીખીએ. પરંતુ, તે પહેલાં ઉપયોગો જાણીએ.

● **ચાલુ વર્તમાન કાળના ઉપયોગો :**

- બોલતી વખતે ક્રિયા ચાલુ હોય ત્યારે.
e.g. He is reading a novel now.
- નજીકના ભવિષ્યમાં બનનાર આયોજિત ક્રિયા માટે.
e.g. We qre meeting tomorrow.
- અણગમતી બાબત દર્શાવવા.
e.g. You are always telling a lie.
- કેટલાંક ક્રિયાપદો ચાલુ વર્તમાન કાળમાં ન વપરાય.
e.g. લાગણી દર્શાવતા ક્રિયાપદ **want, wish, like, hope, hate, love** વગેરે.

આવો અંગ્રેજી શીખીએ
- ચેતના ભુચ

નજરે દેખાતી ક્રિયાઓમાં
- e.g. look (જોવું), **Appear** (દેખાવું), **seem** (લાગવું)
- ઈન્દ્રિયો દ્વારા થતી ક્રિયાઓમાં
- e.g. smell, see, hear વગેરે
- વિચાર દર્શાવતા ક્રિયાપદ
e.g. think, know, mean, mind વગેરે.

હવે નાનાં નાનાં વાક્યો ઘડીએ.
- હું સુંદર કવિતા વાંચી રહી છું.
I am reading a nice poem.
અહીં **nice** એ **poem** (કવિતા)નું વિશેષણ છે.
- રેખા અત્યારે રસોડામાં ચ્હા બનાવી રહી છે.
Rekha is preparing a tea in the kitchen now.
અહીં કર્તા ક્રિયાપદ ને કર્મ ને આપણે સ્થળ આપીને વાક્ય બનાવ્યું.
- જુઓ, પક્ષીઓ ઊઠી રહ્યા છે.
See, the birds are flying.

ઉપરોકત વાક્યમાં **S V O** (કર્તા, ક્રિયાપદ ને કર્મ)ને પાછળ વિશેષણ કે સ્થળ લગાડવાથી વાક્યમાં વૈવિધ્યતા લાવી શકાય.

આજે આવા ચાલુ વર્તમાન કાળના **To speak** = બોલવું અને **To speak** = વાળવું ના રૂપો બનાવો.

● **પરિચયાત્મક શબ્દો**
પોષાક **Dress** (ડ્રેસ),
કાન ટોપી **Cowl** (કાઉલ)
બુરખો **Visor** (વીસોર), સદરો **Slop** (સદરો)
ઘૂંઘટ **Veil** (વેઈલ), બાળોતિયું **Dlaper** (ડ્રલેપર)